અપીલ અરજી નં.૧૮/૦૮-૦૯ તા. ૨૨-૪-૦૮

અરજદાર: શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી
સામાવાળા:ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

# હુકમ:-

***વિષય :***-આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીની તા.૨૨-૨-૦૮ની અરજીથી ટી.પી.સ્કીમ ૧૨(અડાજણ) ફા.પ્લોટ નં. ૧૫,૨૮ અને ૧૦૦ ના સર્વે સીટ ચર્તુસીમાના માપ બતાવતી નકશાની નકલો આપવા બાબત.
***સંદર્ભ :***- અરજદાર મજકુરની તા.૨૨-૪-'૦૮ ની અપીલ અરજી નં. ૧૮/૦૮-૦૯.

શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીની તા.૨૨-૨-૦૮ની અરજીથી ટી.પી.સ્કીમ ૧૨(અડાજણ) ફા.પ્લોટ નં. ૧૫,૨૮ અને ૧૦૦ ના સર્વે સીટ ચર્તુસીમાના માપ બતાવતી નકશાની નકલો આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી રાંદેર ઝોન ના પત્રનં.પશ્ચિમઝોન/આ.નં.૨૦૬૦તા.૧૯-૩-૦૮થી ટી.પી.સ્કીમ ૧૨(અડાજણ) ફા. પ્લોટ નં. ૧૫,૨૮ અને ૧૦૦ ના દરેક નકશાની નકલ એક પાનાના રૂ.૨/- લેખે કચેરીએ ભર્યેથી મળી શકશે એમ જણાવેલ. જે અંગે માહિતી મેળવવા નાણાં ભરેલ પરંતુ સ્વચ્છ અને સહી સીકકાવાળી નકલો આપી નથી, નકલોની મુદત વિત્યા બાદ આપી છે છતાં ફી વસુલ લીધેલ છે. એમ જણાવી આપેલ માહિતિથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૨-૪-'૦૮ના રોજ અપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત અરજદારની રજુઆત અંગે કોઈ વિશેષ માહિતી હોઈ તો તેની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫ તા.૨૮-૪-૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાનમાં અત્રેના વિભાગને આજ દિન સુધી માહિતી મળેલ નથી.

અરજદારે અપીલ અરજીમાં અસ્વચ્છ નકશાઓની નકલો ,સહીસિકકા કરેલા નથી, મુદત વિત્યા બાદ નકલો આપી છે અને નકલ ફી વસુલ કરેલ છે, નકલો ફી અંગેની કુલ કેટલી રકમ ભરવાપાત્ર છે તે સ્પષ્ટ જણાવેલ નથી,તેવા આધારને લઈને અપીલ અરજીમાં રજુઆતો કરેલ છે. પરંતુ અરજદારે પણ કેટલી ફી ભરેલ છે અને કયારે તથા કઈ તારીખે માહિતી લખી તે જણાવેલ નથી. ફી ભર્યા બાદ ત્રણ દિવસે મળેલ છે તેવું જણાવેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૨-૨-૦૮ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૯-૩-૦૮ ના રોજ ફી ભરવા પણ પત્ર પાઠવેલ છે જે ૨૭ મા દિને છે. અરજદારની અપીલમાંના કથન અનુસાર તેમને ફી ભર્યા બાદ ત્રીજા દિવસ ે નકલ આપી હતી તે જોતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ માહિતી ફી ભર્યા બાદ નિયત સમયાવધિમાં સ્પષ્ટ થાય. જેથી વિલંબથી માહિતી આપવાનો અરજદારનો દાવો યથાર્થ ઠરતો નથી.

જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ એકટની કલમ-૭ (૩) ની સાથે નિયમ-૫ અનુસાર નિયમ-૩ થી ઠરાવેલ નિયત નમુનામાં અને વિગતે ફી ભરવાનો પત્ર અરજદારને પાઠવેલ ન હોય તે પાઠવવા સાથે અરજદાને પૂરી પાડેલી માહિતીની નકલો સ્પષ્ટ અને વાંચી શકાય તેવી પ્રમાણિત નકલ અત્રેની જાણ હેઠળ દિન-૭ માં અરજદારને પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૫ -૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી,